રજૂ તારીખ : ૨૦/૧૨/૨૦૨૨
દાખલ તારીખ : ૨૦/૧૨/૨૦૨૨
નિકાલ તારીખ : ૨૩/૧૨/૨૦૨૨
અવધિ : વર્ષ માસ દિવસ

આંક :

**ભાવનગર જિલ્લાના સત્ર ન્યાયાધીશની કોર્ટમાં, મુકામ ભાવનગર.**

**ફોજદારી પરચુરણ અરજી નં.૧૨૬૧/૨૦૨૨**

**(સેશન્સ કેસ નં.૧૫૪/૨૦૨૨)**

**અરજદાર :** **નીતીન ઉર્ફે લબક સન ઓફ નટુભાઈ જસાભાઈ મકવાણા,**
ઉ.વ.આ.૨૨, ધંધો : મજૂરી,
રહે.કુંભારવાડા, બાનુબેનની વાડી,
શેરી નં.૭, ગીરીશભાઈ વાજાના મકાનમાં ભાડેથી,
ભાવનગર,
હાલ જિલ્લા જેલ, ભાવનગર.

વિરૂધ્ધ

**સામાવાળા :** **શ્રી સરકાર**

**ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૯ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટે અરજી.**

અરજદાર તરફે : વિધ્વાન વકીલશ્રી એસ.બી.કાદરી
સામાવાળા તરફે : વિધ્વાન પી.પી.શ્રી એમ.આર.જોષી

## -: ચુકાદો :-

૧. હાલના અરજદાર/આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા હાલની અરજી કરેલ છે.

૨. કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરિયાદ બોરતળાવ, પોલીસ સ્ટેશનમાં ઈ.પી.કો. કલમ ૩૦૨, ૩૨૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબની નોંધાયેલ છે, જે બોરતળાવ પો.સ્ટે. ગુના રજી. નં.૧૧૧૯૮૦૧૫૨૨૧૨૫૮/૨૦૨૨ થી રજીસ્ટર કરવામાં આવેલ છે, તે ગુનાના કામે હાલના અરજદાર/આરોપી જયુડીશ્યલ કસ્ટડીમાં હોય રેગ્યુલર જામીન ઉપર મુકત થવા હાલની અરજી કરેલ છે.

૩. સામાવાળાને નોટીસ કરતા સામાવાળા સરકારશ્રી તરફે વિધ્વાન પી.પી.શ્રી એમ.આર.જોષી હાજર થયેલ છે. તપાસ કરનાર અમલદાર તપાસના કાગળો સાથે હાજર થયેલ છે.

૪. અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી એસ.બી.કાદરીને સાંભળ્યા. તેઓ તેમની દલીલમાં જણાવે છે કે, હાલના અરજદાર/આરોપી તા.૧૭/૯/૨૦૨૨ થી જયુડીશીયલ કસ્ટડીમાં છે. આ કામમાં ચાર્જશીટ ફાઈલ થઈ ગયેલ છે અને સેશન્સ કેસ નં.૧૫૪/૨૨ થી તહોમતનામું ફરમાવવા માટે પેન્ડીંગ છે. વધુમાં તેઓ જણાવે છે કે, બનાવ તા.૧૬/૯/૨૨ ના કલાક ૦૦:૪૫ વાગ્યે બનેલ અને તેની ફરિયાદ તા.૧૬/૯/૨૨ ના રોજ કલાક ૦૪:૦૦ વાગ્યે રજીસ્ટર થયેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, આ કામના ફરિયાદીએ બનાવ નજરે જોયેલ નથી. ચાર્જશીટના પેપર્સ જોતા અરજદાર સામે આકસ્મિક ઉશ્કેરાટથી બનાવ બનેલાનો આક્ષેપ છે. વધુમાં

અરજદાર/આરોપી સામેના આક્ષેપ મુજબ પ્રોસીકયુશન કેસ મુજબ ગુજરનારે પણ અરજદારને ઈંટડા વડે ત્રણ ઘા મારેલ તેવો ફરિયાદ પક્ષનો કેસ છે. વધુમાં ચાર્જશીટના પેપર્સ જોતા અરજદાર/આરોપીએ ગુજરનારનું મૃત્યુ નીપજે તેવા ઈરાદાપૂર્વક ઈજા પહોંચાડેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. વધુમાં ચાર્જશીટના પેપર્સ જોતા કોઈ નજરે જોનાર સાહેદ હોય તેવી હકીકત જણાઈ આવતી નથી. દરેક સાહેદોના નિવેદન એકબીજાથી વિરોધાભાસી છે. આમ ઉપરોકત હકીકતો તેમજ અરજદાર/આરોપી યુવાન વયના હોય, તેના ઉપર તેમના કુટુંબનો આધાર હોય, નાસી ભાગી જાય તેવા ન હોય અરજદાર/આરોપીની જામીન અરજી મંજૂર કરવી જોઈએ.

૫. સામાવાળા સરકારશ્રી તરફે વિધ્વાન પી.પી.શ્રી એમ.આર.જોષી જામીન અરજીનો વિરોધ કરતા જણાવે છે કે, હાલના અરજદાર/આરોપીએ ગુજરનારને છરીથી ઈજાઓ કરેલ તેના કારણે તેનું મૃત્યું થયેલાનો સ્પષ્ટ આક્ષેપ છે. આમ, હાલના અરજદાર/આરોપીની પ્રથમદર્શનીય સંડોવણી છે. અરજદાર/આરોપીએ જે હથિયાર છરીથી ગુજરનારને ઈજા કરેલ તે ડીસ્કવરી પંચનામાની રુએ કબજે રવામાં આવેલ છે, તે તમામ હકીકતો જોતા જામીન અરજી નામંજૂર કરવી જોઈએ.

૬. બંને પક્ષેના વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી. ચાર્જશીટના પેપર્સ વંચાણે લીધા. ફરિયાદ પક્ષનો કેસ એ મતલબનો છે કે, એક ફરિયાદ ફરિયાદી સુરેશભાઈ કાવાભાઈ ગોહેલ ધ્વારા આપવામાં આવેલ તે મુજબ તેમના દીકરા સાહીલને કોઈ કારણસર આ કામના આરોપી નીતીન ઉર્ફે લબક મકવાણા સાથે બોલાચાલી થતા આરોપી એકદમ

ઉશ્કેરાઈ ગયેલ અને તેની પાસેની છરી વડે ફરિયાદીના દીકરાને આડેધડ જીવલેણ ઈજાઓ કરી મોત નીપજાવેલાની ફરિયાદ આપવામાં આવેલ. વધુમાં આ કામે જોવામાં આવે તો ચાર્જશીટના પેપર્સ જોતા સાહેદ વીજય ઉર્ફે કાળુ ઉર્ફે દાઉદ ચંદુભાઈ જાદવનું નિવેદન જોતા તેઓ જયારે બારણું ખોલી બહાર આવેલ અને તેમની શેરીમાં ઉઘડો પડેલ હતો અને જોયેલ તો આ ઉઘડો લોહીલુહાણ હાલતમાં હતો અને જોયુ તો તેમની શેરીમાં આગળ નીતીન ઉર્ફે લબક નટુભાઈ મકવાણા ઉભો હતો અને તેના હાથમાં છરી હતી અને તેઓ બધાને જોતા અહીંથી જતો રહેલ હતો. પછી તેઓ સાહીલ ઉર્ફે ઉઘડાને બોલાવતા તે કાંઈ જવાબ આપતો ન હતો અને તેના શરીરે આડેધડ છરીના ઘા મારેલ હોવાથી ખુબજ લોહી નીકળતુ હતું. આ સાહેદના નિવેદન ઉપરથી આરોપી ધ્વારા ગુજરનારને છરી વડે ઈજાઓ કરેલાનું જણાય છે. વધુમાં ચાર્જશીટના પેપર્સ જોતા બનાવ બનેલ તે વખતે હાલના અરજદાર/આરોપી પોતાના ઘરેથી છરી લઈને આવેલ તેવી હકીકત પ્રસ્થાપિત થાય છે. વધુમાં ચાર્જશીટના પેપર્સ જોતા હાલના અરજદાર/આરોપીએ ડીસ્કવરી પંચનામાની રુએ ગુનામાં વાપરેલ હથિયાર છરી શોધી બતાવેલ છે. આમ, સમગ્ર ચાર્જશીટના પેપર્સ જોતા હાલના અરજદાર/આરોપીની પ્રથમ દર્શનીય સંડોવણી જણાઈ આવતી હોય હાલના અરજદાર/આરોપીની તરફેણમાં ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૯ અન્વયેની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવા યોગ્ય કેસ જણાતો ન હોય ન્યાયના હીતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## -: આખરી હુકમ :-

૧. ફોજદારી પરચુરણ અરજી નં.૧૨૬૧/૨૦૨૨ આથી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૩, માહે ડીસેમ્બર, સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

ભાવનગર.
તા.૨૩/૧૨/૨૦૨૨

**(લીયાકતહુસૈન શમસુદ્દીન પીરઝાદા)**
સત્ર ન્યાયાધીશ,
ભાવનગર.
કોડ નં.જીજે૦૦૯૧૪

-ynk